# શું મતદાન મથકે જવામાં અસમર્થ છો?

## 2020 ની સામાન્ય ચૂંટણી અને લોકમત સંગ્રહમાં મતદાન

2020 ની સામાન્ય ચૂંટણી હવે 17 ઓક્ટોબરે End of Life Choice અને કેનેબિસ રેફરન્ડમ સાથે યોજાશે. તમે સામાન્ય ચૂંટણીમાં અને લોકમતમાં શનિવાર 3 ઓક્ટોબરના રોજ કોઈપણ મતદાન સ્થાને અગાઉથી અથવા ચૂંટણીના દિવસે, શનિવાર 17 ઓક્ટોબરના રોજ કોઈપણ મતદાન સ્થળે મત આપી શકો છો.



**વધુ માહિતી ઉપલબ્ધ છે:**

- અહીં મુલાકાત લો **vote.nz**
- અહીં કૉલ કરો **0800 36 76 56**

## Complete this form to authorise someone to collect voting papers on your behalf

**Voter's details. Please print clearly**

My first name(s) are:

My last name is:

My contact telephone number is:

OFFICIAL USE ONLY:
Index reference

Address where I am enrolled to vote:

✓ Tick the electoral roll you believe you are enrolled on:

☐ General roll ☐ Māori roll

## મતદાન મથકો પર સુરક્ષા ઉપાયો

2020 ની સામાન્ય ચૂંટણી કોવિડ-19 ને લીધે પહેલાં કરતા જુદી જ રહેશે. તમે મતદાન કરવા આવો તે વખતે તમે અને તમારા સાથી માટે હેન્ડ સેનિટાઈઝર અને વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવા સહિતની સુરક્ષા પ્રક્રિયાઓ અમલમાં મૂકી છે.

## વહેલી તકે મત આપો અને જોશક્ય હોય તો ઘરની નજીક

તમે કોઈપણ મતદાન મથકે 3 ઓક્ટોબર, શનિવારથી 16 ઓક્ટોબર, શુક્રવાર સુધી મતદાન કરી શકશો. 17 ઓક્ટોબર, શનિવારે ચૂંટણીના દિવસે બધા મતદાન મથકો સવારે 9 વાગ્યેથી સાંજે 7 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

મતદાન ઝડપી અને સરળ બનાવવા માટે ઘરની નજીક મત આપો.  તમે Aotearoa માં કોઈપણ મતદાન મથકે મત આપી શકો છો, પણ જો તમે તમારા મતદાર ક્ષેત્ર સિવાયના કોઈ સ્થાનથી મત આપો છો, તો તમને એક વધારાનું ફોર્મ ભરવાની જરૂર પડી શકે.

ક્યાં અને ક્યારે મત આપવો તે અંગેની માહિતી ઉપલબ્ધ છે **vote.nz** પર અથવા અહીં કોલ કરો **0800 36 76 56**.

## જો તમે મતદાન સ્થળ પર જવા અસમર્થ હો તો હજુ પણ તમે મત આપી શકો છો

અમે હંમેશાં એવા લોકો માટે મતદાન સેવાઓ પૂરી પાડીએ છીએ જેઓ મતદાન સ્થળ પર જઈ ન શકે, ઉદાહરણ તરીકે માંદગી, વય અથવા અશક્તતાને લીધે. 2020 માં, જો તમે મતદાન સ્થળે જવામાં અસમર્થ હો, તો તમે પોસ્ટલ મતદાન માટે અરજી કરી શકો છો અથવા કોઈને તમારા મતદાનના કાગળો લાવવા માટે કહી શકો છો.

## કોઈને તમારા મતદાનના કાગળો લાવવા માટે કહો

આ સાથે બિડેલું ફોર્મ પૂર્ણ ભરો અને સહી કરો અને કોઈને મતદાન સ્થળે લઈ જવા માટે કહો. તેઓ પછી તમારા મતદાનના કાગળો ભરવા માટે તમને પરત કરશે. તમારા મતદાનના કાગળો શનિવાર 17 ઓક્ટોબરના રોજ સાંજે 7.00 વાગ્યા સુધીમાં મતદાન સ્થળે પરત કરવા રહ્યાં.

## પોસ્ટલ મત માટે અરજી કરો

તમે 23 સપ્ટેમ્બરથી **0800 36 76 56** નંબર પર કૉલ કરીને પોસ્ટલ મતદાનના કાગળો માટે અરજી કરી શકો છો. તમે અમને કૉલ કરો તે પહેલાં તમારે નોંધણી કરાવવાની છે.

પોસ્ટલ વોટિંગ પેક શનિવાર 3 ઓક્ટોબર થી શુક્રવાર 9 ઓક્ટોબર સુધીમાં પહોંચશે.

ભરેલા પોસ્ટલ મત બુધવાર 14 ઓક્ટોબર સુધીમાં મેલમાં હોવા આવશ્યક છે જેથી તે ગણતરી માટે સમયસર અમને પહોંચે, અથવા તમે કોઈને ચૂંટણીના દિવસે, શનિવાર 17 ઓક્ટોબરના રોજ સાંજે 7.00 વાગ્યે મતદાન સ્થળ પર તમારા મતદાનના કાગળો મોકલવા માટે કહી શકો.

## શું તમે ચૂંટણીના દિવસે કામ પર છો?

તમને ચૂંટણીના દિવસે જઈને મત આપવા કાયદેસર રીતે કામથી દૂર રહેવાની મંજૂરી છે. તમે શનિવાર 3 ઓક્ટોબરથી કોઈપણ મતદાન સ્થળે વહેલા પણ મત આપી શકો છો.

## જો તમે રેસ્ટ હોમમાં હો તો પણ તમે મત આપી શકો છો

જો તમે રેસ્ટ હોમમાં હો અને તમે મતદાન સ્થળે જઈ શકતા નથી, તો તમારે અમારો સંપર્ક કરવાની જરૂર નથી. મતદાન સેવાઓ ગોઠવવા માટે તમારા સ્થાનિક રીટર્નિંગ ઓફિસર તમારા રેસ્ટ હોમના મેનેજરનો સંપર્ક કરશે.

## જો તમે હોસ્પિટલમાં હોવ તો પણ તમે મત આપી શકો છો

જો તમે 3 ઓક્ટોબરથી હોસ્પિટલમાં હોવાને લીધે તમે મતદાન સ્થળે ન પહોંચી શકો, તો મિત્ર અથવા કુટુંબનો સભ્ય તમને તમારા મતદાનના કાગળો લાવી આપશે. જો તમે ચૂંટણીના દિવસ પહેલા હોસ્પિટલમાં જવાનું નક્કી કર્યું છે, તો તમારા માટે શક્ય હોય તો 3 ઓક્ટોબરથી અગાઉથી મત આપવાનું શ્રેષ્ઠ છે.

## જો તમે મેનેજ્ડ આઈસોલેશન કે ક્વૉરેન્ટાઈન સુવિધામાં હોવ તો પણ તમે મત આપી શકો છો

તમારે અમારો સંપર્ક કરવાની જરૂર નથી. મેનેજ્ડ આઈસોલેશન કે ક્વૉરેન્ટાઈન સુવિધાઓના લોકો માટે મતદાન સેવાઓ પૂરી પાડવા અમે સુવિધા મેનેજર સાથે મળીને કામ કરીશું.

## Give my voting papers to the person I have authorised.

**The name of the person I have authorised to collect and deliver my voting papers to me is:**

______________________

✓ ☐ **I have been authorised to collect and deliver voting papers to the voter named on this form.**

| Signature of authorised person | Date |
|---|---|
| | |

| Signature of voter | Date |
|---|---|
| | |

**Note: this application must be signed for it to be valid**

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI